ઈલીજીયમ ફાર્મા કંપની દ્વારા યોજાયો બ્લડ ડોનેશન કેમ્પ

રક્તદાન મહાદાનનું સૂત્ર સાર્થક કર્યું

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

વડોદરા જિલ્લાના પાદરાના ડભાસામાં આવેલ ઈલીજીયમ ફાર્માસ્યુટીકલ કંપની દ્વારા વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલની બ્લડબેન્ક તેમજ વડોદરાના તરસાલીની લાયન્સ ક્લબ દ્વારા રક્તદાન કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. ફાર્મા કંપનીના ચેરમેન મોહનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલો બ્લડ ડોનેશન કેમ્પ ફાર્મા કંપનીના એમ.ડી. યશવંત પટેલના જન્મ દિવસ નિમિત્તે યોજાયો જેમાં કંપનીના અધિકારી તથા કામદારોએ સ્વૈચ્છિક રક્તદાન કરી રક્તદાન મહાદાનના સૂત્રને સાર્થક કર્યું હતું.

આ પ્રસંગે યુ.એસ.એ.થી ઈલીજીયમ ફાર્મા કંપનીના દયાબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષે ફાર્મા કંપનીમાં રક્તદાન કેમ્પ યોજવામાં આવે છે અને જરૂરીયાતમંદોને રક્ત પહોંચાડવામાં આવે છે.

દિવા બા સેવા ટ્રસ્ટ દ્વારા ફટાકડા, મીઠાઈ વિતરણ કરાયું

મેઘરજ તા. ૩૦

મેઘરજ તાલુકાની પાલ્લા-૨ પ્રાથમિક શાળામાં દિવા બા સેવા ટ્રસ્ટ ખંભીસર દ્વારા શાળાના બાળકોને ફટાકડા અને મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું હતું. શાળામાં અભ્યાસ કરતા બાળકોને દિવાળીના તહેવાર નિમિત્તે દિવા બા સેવા ટ્રસ્ટ ના પ્રમુખ નારાયણભાઈ પટેલ દ્વારા બાળકો ફટાકડા મીઠાઈ આપવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના આચાર્ય, શાળા પરિવાર, એસએમએસી તેમજ ગ્રામજનોએ દિવા બા સેવા ટ્રસ્ટ નો આભાર માન્યો હતો.

મહાદેવપુરા(ભાથીખત્રી)માં કાનુની શિબિર યોજાઈ

ગાંભોઈ, તા.૨૯

હિંમતનગર તાલુકાના મહાદેવપુરા (ભાથીખત્રી) ગામે ગુજરાત રાજ્ય કાનૂની સેવા મંડળ સંચાલિત મોબાઈલ કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા અમદાવાદ હાઈકોર્ટ (ફ્રેટ.જી.) મનીષ આર બ્રહ્મભટ્ટ અને એડવોકેટ પૃથ્વીસિંહ ઝાલાની ઉપસ્થિતિમાં કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ નરેન્દ્રસિંહ પરમાર, અમૃતસિંહ પરમાર, બબસિંહ પરમાર સહિત ગ્રામજનો હાજર રહ્યા હતા.

બાયડ તાલુકાની ચોકડિયા પ્રાથમિક શાળાના આચાર્યનો નિવૃત્તિ વિદાય સમારંભ યોજાયો

ગુજરાત રાજ્ય પ્રા. શિક્ષક સંઘના મહામંત્રી સતીશભાઈપટેલ ઉપસ્થિત રહ્યા

બાયડ તા.૩૦

બાયડ તાલુકાના છભૌવ ના વતની ને ચોકડિયા શાળા મા ૩૭વર્ષ ની દીર્ઘ નોકરી પૂર્ણ કરી સેવા નિવૃત્ત થતા શ્રી વસંત લાલ ના વિદાય સમારંભ સર્વપ્રથમ પધારેલ મહાનભવોનુ શાળાની બાળાઓએ સ્વાગત ગીતથી અભિવાદન કર્યુ, જયારે મહેમાનો નો પરિચય દીપક મકવાણાએ કરાવ્યો, સમારંભ ના અધ્યક્ષ આદરણીય સતીશભાઈ પટેલે શાલ, સન્માન પત્ર થી વસંતભાઈ ને નવાજયા અને દીર્ઘાયુનિરામય જીવનની શુભેચ્છા પાઠવી, નિવૃત્ત શિક્ષક કાલિદાસ ભાઈ એ સાથે કરેલ નોકરીના સંસ્મરણો વાગોળતાં કહ્યું કે શાળા ના વિકાસ માટે સતત કામ કર્યુ સાચે જ વસંતભાઈ કામને પ્રાધાન્ય આપતા હતા. ડો ધીરજ વણકરે પોતાના ઘડતર માટે, પરિવાર ના વિકાસ માટે મોટાભાઈ વસંતભાઈના યોગદાન ની સરાહના કરી , વિદ્યાર્થીઓ ને એકલવ્ય, અર્જુન ના ઉદાહરણ આપી કંઈક બનવા પર ભાર મૂક્યો હતો. શ્રી રતિલાલ પરમારે વસંતભાઈ ની સાદગી, પરિવાર પ્રત્યે સમર્પણ બિરદાવી,સરપંચ રણજીત સિંહે શુભેચ્છા પાઠવી હતી છભૌવશાળાના આચાર્ય સુચિતા ચૌહાણ કહ્યું કે વસંત ભાઈનું મને સતત માર્ગદર્શન મળતુ રહ્યું હતું તેમની નિવૃત્ત ની ખોટ સાલશે,આ પ્રસંગે દેહમાં જૂથશાળા૦૧, ૨ ની લગભગ ૨૦ શાળાના આચાર્યો,શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભેટો આપી, આ ગરિમામય કાર્યક્રમ મા વિશેષ ઉપસ્થિતિ બાયડ તાલુકા ટીચર સોસાયટી ના અધ્યક્ષ શ્રી મતિ શીતલબેન પટેલ તથા પ્રો. શનાભાઈ વણકર ની રહી. આ ઉપરાંત ઉપપ્રમુખ ધર્મેન્દ્ર સોની, બાયડ તાલુકાના મહામંત્રી શરદ પટેલ, સહમંત્રી પંકજ બારોટ તથા વસંતભાઈ ના પરિવાર જનો, સગાસબંધી ઓ ઉપસ્થિત રહ્યા ને શાલ, મોમેન્ટ આપી મંગલમય જીવની શુભેચ્છાઓ પાઠવી , વસંતભાઈ ને ગુજરાત સરકાર તરફથી વર્ષ ૨૦૧૯-૨૦ નો ડેમાઈ જૂથ-? નો પ્રતિભાશાળી શિક્ષકનો એવોર્ડ મળ્યો હતો. અંતમાં ઉદાર ગ્રામ જનો ડીજેના તાલે વરઘોડા સાથે તેમના ઘર સુધી મુકવા ગયાં, ખૂબ જ જૂજ શિક્ષકોની કદર આ રીતે થાય છે, વસંતભાઈ એ શાળાના શિક્ષકો, ગ્રામ જનોનો આભાર માન્યો. આ કાર્ય કમને સફળ બનાવવા શ્રી દીપસિંહ, નરોત્તમ પરમાર, મુકુંદ પરમાર, કાલીદાસ, નવનીત, સંજય, શાળા ના શિક્ષકો, દીપક મકવાણા, કમલેશ દેસાઈ, ભાવના પટેલ, પ્રિયંકા ઝાડ એ ખૂબ જહેમત ઉઠાવી હતી.

ભિલોડા - અમદાવાદ વાયા રૂપાલ એસ.ટી. રૂટ ચાલુ કરવા માંગ...

ગાંભોઈ, તા.૩૦

ભિલોડા એસ.ટી.ડેપો સંચાલિત ભિલોડાથી અમદાવાદ વાયા ગાંભોઈ, રૂપાલ, રણાસણ વર્ષો જૂના એસ.ટી. રૂટને છેલ્લા બે વર્ષથી કોરોના મહામારીને કારણે બંધ કર્યા બાદ પુનઃ રાબેતા મુજબ ચાલુ ન કરતા આ વિસ્તારની ગ્રામ્ય પ્રજાની અમદાવાદ સાથે સાંકળતી બસ સુવિધા છીનવાઈ જતા આંતરીયાળ ગામડાની પ્રજાને ખાનગી વાહનોની જોખમી મુસાફરી કરવાની ફરજ પડી છે. હાલ આ બસ રૂટ બંધ હોવાના કારણે તબીબી સારવાર માટે જતા દર્દીઓને, વિદ્યાર્થીઓને તેમજ વેપારી વર્ગ ભારે હાલાકી અનુભવી રહ્યો છે. ગાંભોઈ પાસેના રૂપાલ, ભાવપુર, રણાસણ, મોહનપુર વગેરે ઉંડાણના ગ્રામ્ય વિસ્તારની આ જીવાદોરી સમાન એસ ટી. સુવિધા હતી. જેને પુનઃ ચાલુ કરવા અંગે આ વિસ્તારની મુસાફર જનતાએ સાબરકાંઠા જિલ્લા વિભાગીય એસ.ટી. નિયામકને લેખિત રજુઆત કરી આ બસ રૂટ ચાલુ કરવા માંગણી કરેલ છે.

અડપોદરા ગામનો યુવા ગાયક સિંગીગ શો માટે લંડન રવાના : નિવૃત્ત ફોજીના પુત્રની સંગીત સાધના રંગ લાવી

સરડોઈ, તા.૨૬

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામના યુવા ગાયક રવિ કુમાર પ્રવીણ ભાઈ નાયકને લંડનમાં સંગીત શો માટે નિમંત્રણ મળ્યા બાદ સોમવારે યુવા કલાકાર પોતાની ટીમના સાજીંદાઓ સાથે વિદેશ રવાના થતાં નાયક સમાજ અને તેના સંગીત ચાહકોમાં આનંદ છવાયો છે. પ્રાપ્ત જાણકારી મુજબ અડપોદરા ગામના પ્રવીણ ભાઈ નાયક ભારતીય ફોજમાં ફરજ બજાવી અમદાવાદ ખાતે વસવાટ કરે છે.તેમના બે પુત્રો પૈકી રવિ ને નાનપણ થી ગાવાનો શોખ હોવાથી ખાસ કરીને હિન્દી ફિલ્મોના ગીત ગાવામાં મહારથ હાંસલ કરી સંગીતના ટોપ ગાયકોમાં આગવું નામ બનાવ્યું.થોડાક સમય અગાઉ ઈન્ડિયન આઈ ડોલમાં પણ રવિ એ ભાગ લઈ પોતાના સુરીલા સ્વરથી સૌકોઈના મન મોહી લીધા હતા.આ સમયે તેરી દીવાની ગીત એવું સરસ રીતે ગાયું કે જજ રહેલા બોલીવુડના સંગીતકાર સુરેશ વાડકરે રવિને રવિદર નું ઉપનામ આપ્યુ.સંગીત પ્રત્યેની ધગશ અને મહેનત થી નાનકડા ગામ ના યુવા ગાયકે મ્યુઝિક મસ્તી ગ્રુપમાં પોતાનું એક આગવું નામ ઉભુ કરતાં કલાએ સીમાડા વટાવ્યા છે. ૨ મહિના સુધી સોનીએન્ટરટેઈનમેન્ટ ના આયોજનમાં રવિ નાયક ના લંડનમાં સિંગિગ સ્ટેજ શો નું આયોજન કરવામાં આવ્યા પછી તે લંડન જવા માટે રવાના થયો ત્યારે નિવૃત્ત ફોજી પિતા,ભાઈ અને માતાની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં હતાં.જયારે તેના સંગીતના ચાહકોએ સંગીત ક્ષેત્રે વિદેશ યાત્રા બદલ શુભેચ્છા આપી હતી.

જન્મદિને વધામણી

બીપીન પટેલ
પૂર્વ સરપંચ
ધનપુરા કંપા તા. બાયડ

હરેશભાઈ ટી.પટેલ
રડોદરા તા. બાયડ



રીકુબેન સ્નેહલ કુમાર પટેલ
વલ્લભ વિદ્યાનગર
(બાયડ)

જતીન મહેશભાઈ પટેલ
ધનસુરા

આદિશ્રી ડો. મૈત્રેયકુમાર શાહ
સ્વામિનારાયણ સોસાયટી
વિ. ૨, બાયડ, (નરોડા, અમદાવાદ)

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના જુના બાકલપુર ગામ ખાતે સાતમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ સાબરકાંઠા- અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જેમાં સાંસદે ઉપસ્થિત કર્મચારીઓ તેમજ ગ્રામજનોને 'રાષ્ટ્રીય એકતા દિન' નિમિત્તે શપથ લેવડાવ્યા હતા. હિંમતનગર તાલુકાના આગીયોલ મુકામે સાતમા તબક્કાનો સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા તથા તાલુકા પંચાયતના પ્રમુખ વિનુભાઈ પટેલ તથા તાલુકા સદસ્ય નીલમબેન તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહી ગ્રામજનોને સ્થળ પર જ સરકારની સેવાઓનો લાભ આપ્યો હતા.

પાલનપુર માર્કેટયાર્ડમાં દિવાળી પર્વે આઠ દિવસની મીની વેકેશન જાહેર કરાયુ

માર્કેટયાર્ડમા તા.૧ થી ૮ નવેમ્બર સુધી માલની હરાજી બંધ રહેશે

પાલનપુર, તા. ૩૦

પાલનપુરના માર્કેટયાર્ડમાં દિવાળીના તહેવારો નિમિતે આઠ દિવસનું મીની વેકેશન જાહેર કરવામાં આવ્યું છે તા.૧ થી ૮ નવેમ્બર સુધીના રજાઓના દિવસો દરમ્યાન માર્કેટયાર્ડ માલ ની લે વેચ અને હરાજી સંપૂર્ણ પણે બંધ રહેશે.

પાલનપુર માર્કેટયાર્ડના મજૂરો દિવાળી પર્વે વતન જતા હોય અને વેપારીઓ પોતાની પેઢીઓ બંધ પાળતા હોઈ માર્કેટયાર્ડ દ્વારા દિવાળીના તહેવારને લઈ માર્કેટયાર્ડમાં તા.૧ થી ૮ નવેમ્બર સુધી આઠ દિવસનું મીની વેકેશન જાહેર કરવામાં આવ્યું છે આ રજા ના સમયગાળા માં માર્કેટયાર્ડ માં માલની લે વેચ હરાજી પ્રકિયા સંપૂર્ણ બંધ રહેનાર હોવાનું માર્કેટયાર્ડના સેક્રેટરીએ જણાવ્યું હતું

ગ્રેડ-પે મામલે સરકારનું હકારાત્મક વલણ : પોલીસ ખુશ

પાલનપુર, તા. ૩૦

ગુજરાત રાજ્ય પોલીસ ના ગેડ પે મામલે ચાલી રહેલા આંદોલનને લઈ સરકાર દ્વારા હકારાત્મક વલણ દાખવવામાં આવ્યું છે અને ગેડ પે વધારવા મામલે પાંચ વ્યક્તિની કમિટીની રચના કરવામાં આવી છે જે કમિટી બે માસમાં અભિપ્રાય રજૂ કરવાનો નિર્ણય લેવામાં આવતા રાજ્યના પોલીસ આલમમાં ખુશીની લાગણી છવાઈ છે જોકે ગેડ પે મામલે નિર્ણય લેવામાં આવતા બનાસકાંઠા પોલીસે પણ મો મીઠા કરી ને ખુશી મનાવી હતી.

રાજ્યમાં ખડે પગે કાયદા ના રક્ષણ માટે ફરજ બજાવતા પોલીસ જવાનોનો ગેડ પે વધારવા ચળવળ શરૂ થઈ હતી જેમાં વિવિધ સંગઠનો દ્વારા પોલીસ ના સમર્થનમાં આંદોલન શરૂ કરાયું હતું જેમાં તાલુકા તેમજ જિલ્લા મથકો ખાતે આવેદનપત્ર આપવાના અને દેખાવો યોજનાના કાર્યક્રમો યોજાયા હતા જેને લઈ સરકાર પોલીસને ગેડ પે મામલે ઘટતી કાર્યવાહી કરવા હકારાત્મક વલણ દાખવી બ્રિજેશ ઝા ના અધ્યક્ષ સ્થાને પાંચ વ્યક્તિઓ ની કમિટીની રચના કરવામાં આવી છે

આ કમિટી દરેક ગેડ પે મામલે તમામ પાસાંઓ નો અભ્યાસ કરીને નિર્ણય લેશે અને બે માસ માં અહેવાલ તૈયાર કરી અભિપ્રાય રજૂ કરશે જોકે સરકાર દ્વારા પોલીસ સમર્થકોના આંદોલનને સમેંટી લેવા ગેડ પે મામલે મહત્વનો નિર્ણય લેવામાં આવતા બનાસકાંઠા જિલ્લા સહિત રાજ્યના પોલીસ કર્મી ઓએ સરકારના નિર્ણયને વધાવી મીઠાઈ વહેચી ખુશી મનાવી હતી.

રાજસ્થાન સેવા સમિતિની શાળાના સંકુલને નવપલ્લવિત કરાશે

ગાંધીનગર, તા. ૩૦

હાલની મેનેજમેન્ટ કમિટીને ત્રણ વર્ષ પહેલાં જ્યારે રાજસ્થાન સેવા સમિતિને જવાબદારી સોંપવામાં આવી ત્યારે સર્વ સભ્યોનું એક મંતવ્ય હતું કે આપની સ્કૂલનું બિલ્ડીંગ આશરે ૮૦ વર્ષ જૂનું છે અને ભૂકંપમાં ખુબ જ જર્જરીત અને નુકસાન થયેલું હતું ટેકાના આધારે સ્કૂલ ટકાવી રાખેલ હતી. હાલમાં સ્કૂલમાં ૩૩૦૦ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અને વિદ્યાર્થીઓને ઉચ્ચ સ્તરનું શિક્ષણ મળી રહે તે માટે અતિ આધુનિક સંકુલ બનાવવું તેવું સભ્યોએ સર્વસંમતિથી નક્કી કર્યુ. આ અંગે સ્કૂલોના અનુભવ ધરાવતા સારા આર્કિટેક્ટ જોડે ચર્ચા વિચારણાના અને વિવિધ પાસાઓના તથા વિવિધ વિશેષજ્ઞો સાથે રાખીને ૧,૪૦,૦૦૦ સ્કવેયર ફૂટમાં સંકુલ બનાવવાનું પ્લાનિંગ કર્યુ. સદરહુ પ્રોજેક્ટના ખર્ચને પહોંચી વળવા માટે સમાજના વિવિધ દાતાઓએ સામેથી પોતાની તત્પરતા બતાવી અને સંસ્થાને જરૂરી પડે દાન આપીને સદર પ્રોજેક્ટ ચાલુ કરવામાં આવ્યો. હાલમાં ૭૦,૦૦૦ સ્કવેર ફીટ એક વિંગનું કામ પૂર્ણ થયેલ છે. અને બીજા ભાગને પણ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવામાં આવશે. અમદાવાદ ખાતે આવેલ વિવિધ સ્કૂલો પૈકી રાજસ્થાન સ્કૂલ એક એવી સંસ્થા છે કે જે ઓછામાં ઓછી ફી લઈને વિદ્યાર્થીઓને ઉચ્ચ કોટિનું શિક્ષણ આપી રહેલ છે. નવું સંકુલ તૈયાર થવાથી ૪૦૦૦ જેવા વિદ્યાર્થીઓ સ્કૂલમાં સમાવી શકાશે.

બનાસકાંઠામા દિવાળી પર્વે કાળી માટીનાં કોડીયાની માંગ વધી

રેડીમેન્ટ દીવડા સામે હવે દેશી બનાવટના દીવડાનું પુનઃ ચલણ શરૂ થયુ : ગ્રામીણ વિસ્તારના અનેક પરિવારો કોડીયા બનાવી રોજગારી રળી છે

પાલનપુર, તા. ૩૦

અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જતા દીપાવલીના પર્વે મકાન, ઓફીસ પેઢી ફેકટરી સહિતના સ્થળો પર લોકો દિવડા પ્રગટાવીને રોશનીનો ઝગમગાટ કરતા હોય છે જેમાં બનાસકાંઠા જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ દિવાળી પર્વે માટીના કોડીયા પ્રગટાવવાની રસમ છે જોકે માટી કામ કરતા કારીગરો પણ દિવાળી પર્વે પરંપરાગત કોડીયા ની કળા લોકોના ઘર સુધી પહોંચાડતા હોઈ લોકોમાં હવે રેડીમેન્ટ દીવડા ને બદલે કાળી માટી ના કોડીયાનું પુનઃ ચલણ વધ્યું છે. જેને લઇ પેઢી દર પેઢી થી દીવડા બનાવતા કારીગરોમાં આશાનો નવો દોરી સંચાર થયો છે.

હિન્દૂ સંસ્કૃતિમાં દિવાળી એટલે ઉત્સવોના સમૂહનું પર્વ જે લોકો ઘરોમાં રોશની સાથે સુખ સમૃદ્ધિ અને ઐશ્વર્ય અર્પણ કરે છે. તો હિન્દુ સમાજના નવા વર્ષનો પ્રારંભ. આ પર્વની રાહ ઉત્સવ પૂર્ણ થવાની સાથે જ લોકો જોતા હોય છે. ત્યારે રોશનીના આ પર્વ દિવાળીમાં લોકોને દીવડા વડે ઝગમગાટ કરવા માટે પાલનપુર તાલુકાના ડાંગીયા ગામનો એક પ્રજાપતિ પરીવાર પણ સક્ષ્ય બન્યું છે પાલનપુર તાલુકામાં જૂજ માટી કામ કરતા કુંભાર કારીગરો દ્વારા કોડીયા નો વ્યવસાય કરવા આવી રહ્યો છે બહાર થી કાળી માટી લાવી એક મહિના પહેલાથી લાખો દીવડાના નિર્માણ માટે તનતોડ મહેનત શરુ કરે છે વર્તમાન સમયમાં દેશી દીવડા સામે રેડીમેન્ટ કલાત્મક દીવડાનું ચલણ થોડા સમય પૂર્વે વધ્યું હતું. ત્યાં હવે દેશના વડાપ્રધાનના આત્મ નિર્ભર ભારતના સ્વપ્ન સાથે પરંપરાગત કારીગરોની કલા વિશ્વ ફલક પર લઈ જવાના પ્રયાસ થી ગ્રામીણ કારીગરોમાં નવી ઉમીદનો સંચાર થયો છે કોડીયા બનાવવા અગાઉ દેશી ચાકડા નો ઉપયોગ થતો હતો જેમા હવે આધુનિક મોટર યુક્ત ચાકડા નો ઉપયોગ થઈ રહ્યો છે અને અવનવી ડિઝાઈનના કોડીયા બનાવવામાં આવે છે

ડાંગીયાનો પરીવાર એક લાખ કોડીયા બનાવ્યા

પાલનપુર તાલુકાના ડાંગીયા ગામનો પ્રજાપતિ પરીવાર વંશ પરંપરાગત દિવાળી પર્વે કોડીયા બનાવી આજીવિકા મેળવે છે આ પરીવાર નો આકાશ પ્રજાપતિ કોલેજના અભ્યાસ સાથે પરીવાર ને મદદરૂપ બનાવવા કોડીયા બનાવે છે સિદ્ધપુરના ઉદરા ગામે થી કાળી માટી લાવી તેમાં થી એક લાખ દીવડા બનાવવા માં આવે અને એક દીવડાના ૬૦ પૈસા લેખે જથ્થાબંધ કોડીયા નું વેચાણ કરવામાં આવે છે